બાઈક સ્લીપ થતાં ધનસુરાના યુવાનનું મોત

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના બે યુવાન મિત્રો કામકાજ અર્થે રવિવારે બપોરે મેઘરજ જઈ પરત ફરી રહ્યા હતા ત્યારે માલપુર તાલુકાના મેવડાગામની ચોકડી પાસે બાઈક સ્લીપ ખાઈ જતાં બન્ને યુવાન રોડ પર પટકાયા હતા. જેમાં એક યુવાનનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતુ. જ્યારે અન્ય એક યુવાન ઈજાગ્રસ્ત થતાં સારવાર અર્થે મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયો હતો.

(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

ધનસુરા ગામના સુનિલભાઈ જયંતિભાઈ મીસ્ત્રી (ઉં.વ.૨૭) અને તેમના મિત્ર રવિવારે કામકાજ અર્થે મેઘરજ પંથકમાં ગયા હતા. જ્યાં કામકાજ પતાવી પોતાની બાઈક ઉપર મોડાસા આવી રહ્યા હતા ત્યારે માલપુર તાલુકાના મેવડા ગામની નજીક આવેલી નાથાવાસ ચોકડી પર યુવાનનું બાઈક સ્લીપ ખાઈ જતાં માર્ગની બાજુમાં રહેલા પીલ્લર પર સુનિલભાઈનું માથુ અથડાતા ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું.

જ્યારે ધનસુરાના યુવાન અને તેમના મિત્ર ગોર સમાજના યુવાનને ઈજાઓ પહોંચતા દોડી આવેલા લોકોએ તાત્કાલિક ઈજાગ્રસ્ત યુવાનને સારવાર અર્થે મોડાસા શહેરમાં ખસેડાયો હતો. અકસ્માતમાં યુવાનનુ મોત નિપજતાં અકસ્માતની જાણ માલપુર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. રાવોલે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ધનસુરાના યુવાનનું મોત નિપજતાં ધનસુરા પંથકમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા બસ સ્ટેશન સામે દુકાનનુ ગેરકાયદેસર દબાણ તોડી પડાયુ

મોડાસા શહેર માં ગેરકાયદેસર બાંધકામ નો રાફડો ફાટી નીકળ્યો છે ત્યારે આ ગેરકાયદેસર બાંધકામો સામે મોડાસા નગરપાલિકા ધ્વારા લાલ આંખ કરવામાં આવી છે જેને લઈ ને આજનરોજ મોડાસા બસ સ્ટશેન સામે આવેલ દુકાન નુ ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યુ હતુ જેને થોડાક દિવસો અગાઉ મોડાસા નગરપાલિકા ના ચીફ ઓફીસર અગરસિંહ ચૌહાણ ધ્વારા ગેરકાયદેરસ બાંધકામ થતુ હોવાનુ ધ્યાને આવતા બાંધકામ રોકવા માટે થોડાક દિવસ અગાઉ નોટીસ પાઠવી હતી. જે અર્તગત આજે સવારે ૧૦ વાગ્યા ના સુમારે નગરપાલિકા ના ચીફ ઓફીસર અગરસિંહ ચૌહાણ અને એન્જીનીયર દેવાંગ સોની ધ્વારા પોલીસ બંદોબસ્ત સાથે જઈ ને જેસબી મશીન થી આ ગેરકાયદેસર દબાણ તોડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી ત્યારે નગરપાલ્કા ધ્વારા આજરોજ આ ગેરકાયદેસર દુકાન નુ બાંધકામ તોડી પડાતા મોડાસા શહેર માં ગેરકાયદેસર બાંધકામ કરનારા દુકાનદારો અને બિલડરો માં ફફળાટ વ્યાપી ગયો હતો.

અરવલ્લીમાં આંતરરાષ્ટ્રીય વન દિવસની ઉજવણી : લાયન્સ ક્લબ મોડાસા દ્વારા વૃક્ષારોપણ કરાયુ

મોડાસા, તા. ૨૩

તા. ૨૧-૩-૨૦૧૫ના આંતરરાષ્ટ્રીય વન દિવસે અરવલ્લી જિલ્લા વન વિભાગ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અરવલ્લી જિલ્લા કલેક્ટર ઓફિસમાં સવારે ૯ થી ૧૧ કલાક દરમ્યાન સેટકોમ દ્વારા રાજ્યના મુખ્યમંત્રી દ્વારા સંવાદ કરવામાં આવ્યો હતો. જેમાં જિલ્લા કલેક્ટર સી. છાકછુવાક, જિલ્લા ડી.એફ.ઓ આરાધના સાહુ તેમજ જિલ્લા વહિવટીતંત્રના અધિકારીઓ અને વિવિધ સંસ્થાઓ જોડાઈ હતી.

અરવલ્લી જિલ્લાના વન વિભાગ દ્વારા આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અરવલ્લી જિલ્લા વન વિભાગ દ્વારા અરવલ્લી જિલ્લાના તમામ તાલુકાઓના બધાજ સેટકોમ કેન્દ્રો પર સ્થાનિક વન વિભાગના કર્મચારીઓ, સ્થાનિક કર્મચારીઓ, પદ અધિકારીઓ, ગામની વનમંડળીના સભાસદો સ્વસહાયજુથની બહેનો, વોટરશેડના લાભાર્થીઓ, ગ્રામજનો સહિત તમામ લોકોને સેટકોમ કેન્દ્રો પર હાજર રાખી રાજ્યના મુખ્યમંત્રીનાલ વન વિભાગના અને વૃક્ષો વાવવા જેવા સંદેશાઓનો અમલ કરવા જણાવ્યું હતું. તેમજ આ પ્રસંગે અગ્ર સચિવ પી.કે. તનુજા અને ગુજરાત રાજ્યના હેડ ઓફિ. ફોરેસ્ટ સી.એન. પાંડેએ વન પર્યાવરણ દિન નિમિત્તે ઉદ્‌બોધન કર્યુહતુ. સેટકોમ કેન્દ્ર દ્વારા સમગ્ર અરવલ્લી જિલ્લામાં જિલાના ડી.એફ.ઓ. આરાધના સાહુ, એ.સી. એફ. એન.પી. મેવાડા, સેટકોમ કેન્દ્ર પર ૬૪૪ પદાધિકારીઓ, કર્મચારીઓ ૮૦૭૫, ૧૬૦૦૫ ગામડાઓ મળી કુલ ૨૪૭૨૪ લોકોએ ૧૩૩૮ સેટકોમ કેન્દ્રો પર ભાગ લીધો હતો.

આંતરરાષ્ટ્રીય વન દિવસની ઉજવણી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા અરવલ્લી જિલ્લામાં કરવામાં આવી હતી. જેમાં મોડાસા શહેરની લાયન્સ ક્લબ દ્વારા લાયન્સ પરિવાર સંચાલિત બહેરામૂંગા શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં અરવલ્લી જિલ્લા કલેક્ટર શ્રી છાકછુવાક, જિલ્લા ડી.એફ.ઓ. આરાધના શાહુ, ડી.એફ.ઓ. એન.પી. મેવાડા, મામલતદાર વિશાલ સકસેના, પ્રાંત અધિકારી, એડીશનલ કલેક્ટર, તેમજ લાયન્સ ક્લબ પ્રમુખ પ્રવિણ પરમાર, ગીરીશ પટેલ, કનુભાઈ પટેલ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

હિંમતનગરમાં પોલીસ મહાનિરીક્ષકની હાજરીમાં લોક દરબાર યોજાયો

પોલીસ અને પ્રજા વચ્ચે સુમેળભર્યો સંવાદ સર્જાય તે આશય લોક દરબારનું આયોજન હાથ ધરાય છે. જે અંતર્ગત આજે હિંમતનગરના ટાઉન હોલ ખાતે ગાંધીનગરના રેન્જના પોલીસ મહાનિરીક્ષક હસમુખ પટેલની અધ્યક્ષતામાં લોક દરબાર યોજાયો હતો. આ લોકદરબારમાં ઉપસ્થિત લોકોએ જુગાર, દારૂના અડ્ડાઓ, ટ્રાફિક સમસ્યા, પ્રજા સલામતી માટે જરૂરી જણાય ત્યાં નવિન પોલીસ ચોકીઓ ઉભી કરવી, હિંમતનગરના બસ ડેપોમાં પોલીસ પોઈન્ટ સાથે કાયમી બુથ ઉભો કરવો, તેમજ ગેરકાયદે ચાલતા કતલખાના બંધ કરાવવાની રજૂઆત કરી હતી. આ સમસ્યાનો ઉકેલ લાવવાની બાહેધરી આપતા રેન્જ મહાનિરીક્ષક હસમુખ પટેલે જણાવ્યું હતું કે કિંમતી પશુધનની કતલખાને ધકેલતા અટકાવવા પોલીસને સહાયરૂપ થાય તે જરૂરી હોવાનું જણાવી કાયદો હાથમાં ન લે તેવી ટકોર પણ કરી હતી.

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

મોડાસામાં વિશ્વકવિતા દિને સર્જક મિલન સમારોહ યોજાયો

મોડાસા, તા. ૨૪

મોડાસાની 'શબ્દસેતુ' સંસ્થાના ઉપક્રમે વિશ્વ કવિતા દિન એચ.એલ. પટેલ સરસ્વતી વિદ્યાલયમાં સર્જક મિલન સમારંભ યોજાયો હતો.

કાર્યક્રમના પ્રમુખ પદે ડૉ. જિજ્ઞેશ સુથાર ઉપસ્થિત રહ્યા હતા. સર્જક મિલન સમારંભના પ્રારંભે સંસ્થાના પૂર્વ પ્રમુખ અરવિંદ ગજજરે કવિતા અને તેની કલા વિશે મનનીય પ્રવચન આપ્યું હતું. ઉપરાંત માસૂમ મોડાસવી સલીમ શેખ 'સાલસ', એ.કે. પટેલ, કા.જો. પટેલ, કિશોર શુકલ, હેમંત વણકર, ડૉ. પિનાકીન પંડ્યા અને ઈશ્વર શ્રી ગોડ વગેરેએ સ્વરચિત રચનાઓ રજૂ કરી હતી. આ સમારંભમાં કોષાધ્યક્ષ તારિક મલેક ઉપસ્થિત કવિઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

કાટવાડ પાસેની નદીમાંથી યુવાનનો મૃતદેહ મળ્યો

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગરના કાટવાડ પાસેથી પસાર થતી હાથમતી નદીના પાણીમાંથી મંગળવારે એક અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવતા હિંમતનગર ગ્રામ્ય પોલીસે તેનો કબજો લઈ ઓળખવિધિ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

આ અંગેની વિગત એવી છે કે કાટવાડ પાસેથી પસાર થતી નદીના પાણીમાં મંગળવારે એક યુવાનનો મૃતદેહ તરતો હોવાનું કાટવાડના સરપંચ કડવાભાઈ વિહાભાઈ ચેનવાને ગ્રામજનોએ જાણ કરી હતી. ત્યાર બાદ તેમણે તપાસ કરી ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. જેથી પોલીસે મૃતદેહનો કબજો લઈ ઓળખવિધિ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

રેડક્રોસ સોસાયટી હિંમતનગરમાં સુપર સ્પેશ્યાલીસ્ટ સેવાઓનો પ્રારંભ

હિંમતનગર, તા. ૨૪

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી તથા નારાયણા મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે મંગળવારથી હિંમતનગર ખાતે સુપર સ્પેશ્યાલીસ્ટ ઓપિડી સેવાઓનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે ઉપસ્થિત કલેક્ટર સ્વરૂપ પી.એ. રેડક્રોસ સોસાયટીની પહેલને બિરદાવી હતી. સંસ્થાના માનદ મંત્રી હસમુખભાઈ સોનીના જણાવ્યા અનુસાર જિલ્લાના જરૂરિયાતમંદોને હવેથી વિશિષ્ટ સારવાર લેવા માટે અમદાવાદ જવુ નહિ પડે અને હિંમતનગરમાં જ આ સેવાઓ મળી શકશે. આ પ્રસંગે નારાયણા મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલના ડિરેક્ટર નિરવ બંસલે જણાવ્યું હતું કે ગુણવત્તાસભર સેવાઓ રાહત દરે જરૂરિયાતમંદોને પહોંચાડવાનું અમારૂ ધ્યેય છે. જેથી હવેથી લીવરના રોગો માટે ડો. રસેષ સોલંકી, ડો.યોગેશ હરવાણી અને ડો. રાજીવ બંસલ સેવા આપશે. સાંધાના તકલીફ અંગે ડો. પ્રકાશ ચૌહાણ અને ન્યુરોલોજીસ્ટ તરીકે રાખીલ યાદવ સેવા આપશે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

અંબાજી મહોત્સવમાં હજારો માઈ ભક્તો ઉમટ્યા

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મુકામે રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ ગાંધીનગર અને જિલ્લા વહીવટીતંત્ર બનાસકાંઠાના સંયુક્ત ઉપક્રમે તા. ૨૧ અને ૨૨ માર્ચ બે દિવસીય અંબાજી મહોત્સવની ભજન, સત્સંગ અને સાંસ્કૃતિક કાર્યક્રમો થકી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ઉદ્‌ઘાટન પ્રસંગે ચૈત્રી નવરાત્રીના પ્રથમ નોરતે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનરશ્રી ડૉ. નરેન્દ્રકુમાર મીનાના હસ્તે મંદિરના ચાચર ચોકમાં દીપ પ્રાગટ્ય કરી અંબાજી મહોત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. અંબાજી મહોત્સવની ઉજવણી દરમ્યાન અમદાવાદ અને ગાંધીનગરના પ્રસિદ્ધ કલાકારોએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા. પ્રથમ નવરાત્રીએ કલાકારશ્રી શ્યામલ શૌમિલ મુનશી અને તેમની ટીમે ભજનો તથા સુગમ સંગીતના સુર રેલાવી સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું. બીજા દિવસે શ્રીમતિ વિભાબેન ઠક્કર અને તેમની ટીમે લોકનૃત્ય, નાટક અને લોકસંગીત રજુ કર્યા હતા. આ પ્રસંગે સંખ્યાબંધ માઈભક્તોએ મંદિરના ચાચર ચોકમાં સંગીતના તાલે ગરબાની રમઝટ બોલાવી હતી. માતાજીના આ પવિત્ર કાર્યક્રમને માણવા વિશાળ સંખ્યામાં માઈભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસાની મહિલાઓએ દારૂબંધી માટે કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું

(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

મોડાસા, તા.૨૪

સમગ્ર અરવલલી જીલ્લા માં દારૂ ની બદી એ માઝા મુકી છે ત્યારે આ દારૂ ની બદી અટકાવવા માટે આજે મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ના રાજ માં આજે મહિલાઓ એ જાતે દારૂ બંધ કરાવવા માટે જાતે આગળ આવવુ પડે તે ખરેખર અરવલ્લી જીલ્લા માટે એક શરમજનક બાબત છે.

ગાંધીનગર ખાતે રેન્જ આઈજી હસમુખ પટેલે ચાર્જ સંભાળ્યા પછી જીલ્લા માં દારૂ બંધ થઈ ગયો છે તેવુ લાગતુ હતુ પરંતુ આજ રોજ મોડાસા ખાતે આવેલા સર્વોદય નગર વીસ્તાર ની મહિલાઓ એ મોડાસા ચાર સ્તા ખાતે થી રેલી યોજી દારૂ બંધ કરાવો દારૂ બંધ કરાવો ના નારા સાથે સર્વોદય નગરની ૫૦ જેટલી મહિલાઓ કલેકટર કચરી ખાતે પહોચી ભારે હોબાળો મચાવ્યો હતો અને કલેકટર એસ.છાકછુઆક ને દેશી ઈગ્લીશદારૂ અને તાડી નો વેપાર કરતાં ૩૪ જેટલા બુટલેગરો ની યાદી સાથે આ બદી ને બંધ કરાવવા આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ જયારે કેટલીક મહિલાઓ આવેદનપત્ર આપ્યા પછી મીડીયા સમક્ષ પોતાની આપવીતી ઠાલવતી વખતે આ દારૂ ના દુષણ ના કારણે રીતસર ની રડી પડી હતી ત્યારે આ મહિલાઓ ધ્વારા માંગ કરવામાં આવી છે કે તેમણે આપેલા બુટલેગરો સામે અરવલ્લી જીલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડા સખત કાર્યવાહી કરી ને આ બદી ને બંધ કરાવે તેવી માંગણી કરવામા આવી હતી.

મેઘરજ તાલુકાની ચુલી નદી પર પુલની ઉગ્ર માંગ : ૩૫ થી ૪૦ ગામોને લાભ

ચૂંટણી ટાણે નેતાઓ પુલના નામે લોકો પાસે મતો મેળવે છે

ઈસરી, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના બ્રાહ્મણકોટડા તરફ જતા રસ્તા પર ચુલી નામની નદી આવેલી છે. તેના પર દર વર્ષે ગરનાળા બનાવી બનાવીને ડીપ બનાવવામાં આવે છે. પરંતુ સરકારની યોજના વ્યર્થ નીવડે છે. આવુ વારંવાર બનતાં લોકોમાં રોષની લાગણી છવાઈ છે. આ ડીપના તુટવાથી ૪૦ ગામડાની પ્રજાની અવર જવર બંધ થઈ જાય છે. છતાં સરકાર દ્વારા કોઈ ધ્યાન આપતુ નથી. ખાસ કરીને ચોમાસામાં વિદ્યાર્થીઓને-શિક્ષકોને અવર જવર માટે ખુબ પરેશાનીનો સામનો કરવો પડે છે.

ગત વર્ષે આ જ ચુલી નદીમાં પુષ્કળ પાણી જવાથી બે જણના બિમારીમાં સારવારના અભાવે મોત નીપજ્યા હતા. સવાલ થાય છે કે અહી પુલ જો હોત તો બે જણની જિંદગી કદાચ બચી ગઈ હોત. જ્યારે જ્યારે ચુંટણી આવે ત્યારે નેતાઓ દ્વારા આ પુલના જ ઢંઢેરા પીટતા હોય છે. પરંતુ નેતાઓની જીત થયા પછી આ ગરીબ ગામડાઓની પ્રજાને ભુલીને પોતાના જ વિકાસમાં પરોવાઈ જાય છે. આ વિસ્તારના અગાઉના સીમાંકન મુજબ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા હતા. તેઓએ પણ આ પુલનો મુદ્દો લઈને જીત મેળવી હતી. જીત મેળવ્યા બાદ પાંચ વર્ષ સુધી તેઓ આ વિસ્તારને જોવા પણ આવ્યા નહોતા. પરિણામે અહીં મુશ્કેલી યથાવત જ રહી હતી. વિધાનસભાનું સિમાંકન બદલાયું અને ફરી આ મુદ્દો ચૂંટણીનો ઢંઢેરો બની અને ફરી આ ગામડાઓની ભોળી પ્રજાએ ડો. અનિલ જોષીયારાને ભિલોડા મેઘરજ મત વિસ્તારમાં બહુમતી આપી જીતી આવી પરંતુ નેતાઓ જીત પછી વિસ્તારની પ્રજાને ભુલી જતાં છે. ત્યારે આટલા વિસ્તારનો લટકતો પ્રશ્ન કોણ હલ કરશે. તે તો હવે જોવું જ રહ્યું. વારંવાર રજુઆતો કરવા છતાં નેતાઓ અને અધિકારીઓ સંતા કુકડીની રમત આ ગરીબ વિસ્તારના વિદ્યાર્થીઓ અને પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાના કર્મચારીઓ સાથે રમી જ હોય એ સાચુ જ દેખાઈ રહ્યું રહ્યાછે.

બેચરાજીમાં ચૈત્રી પૂનમના મેળા દરમિયાન વાહનોને ડાયવર્ઝન અપાયું

મહેસાણા, તા. ૨૪

મહેસાણા જિલ્લાના બેચરાજીમાં ચૈત્રી પૂનમનો મેળો ૨ એપ્રિલથી ૫ એપ્રિલ દરમિયાન યોજાનાર છે. આ દરમિયાન અવ્યવસ્થા સર્જાય નહી તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટે વાહનોને ડાયવર્ઝનના આદેશ આપેલ છે. મેળા દરમિયાન હેતું સિવાયના મહેસાણા તરફથી વાયા બેચરાજી થઈ વિરમગામ તરફ જતાં ભારે વાહનો વાયા બેચરાજી થઈને જવાને બદલે મહેસાણા મોઢેરા ત્રણ રસ્તા તથા પાલાવાસણા ત્રણ રસ્તા હાઈવે રોડથી વાયા કડી તરફથી જઈ શકશે.

તેમજ વિરમગામ તરફથી મહેસાણા, પાટણ, ચાણસ્મા તરફ વાયા બેચરાજી થઈ જતાં ભારે વાહનો મેળા સિવાયના વિરમગામ રોડ વિઠ્ઠલપુર ચોકડીથી કડી થઈ અથવા દસાડા થઈ હારીજ-સમી તરફથી જઈ શકશે. તથા ચાણસ્મા, પાટણ તરફથી વાયા રોડ વિઠ્ઠલપુર ચોકડીથી કડી થઈ અથવા દસાડા થઈ હારીજ-સમી તરફથી જઈ શકશે. તથા ચાણસ્મા, પાટણ તરફથી વાયા બેચરાજી થઈ વિરમગામ જતાં ભારે વાહનોને ચાણસ્માથી મહેસાણા થઈ અથવા હારીજ-સમી થી વિરમગામ તરફ લઈ જવાના રહેશે. તેમજ બેચરાજી એસ.ટી. ડેપોમાં આવતી એસ.ટી. બસો બેચરાજી ટાઉનમાં પસાર કરવાને બદલે તથા અન્ય વૈકલ્પિક રૂટ બદલવા અંગેની વ્યવસ્થા ડેપો મેનેજરશ્રી બેચરાજીએ કરવાની રહેશે. આ હુકમનું પાલન ૨ એપ્રિલથી ૫ એપ્રિલ દરમિયાન કરવાનું રહેશે તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એસ.જે. પટેલની અખબારી યાદીમાં જણાવાયું છે.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD
Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧